## સામાન્ય સભા ઠરાવ નં.-૦૧ તા.૨૩/૦૪-૨૦૧૬

બાબત:-

રૂલને કલમ–૭ મુજબ ગત તા.૧૫-૦૩-૨૦૧૬ની મીટીંગનું પ્રોસિંડીંગ મંજુર કરવા બાબત.

ઠરાવ:-

તા.૧૫-૦૩-૨૦૧૬ની મીટીંગનું પ્રોસિંડીંગ સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૦૨ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

નગરપાલિકા ગોધરાના માહે જાન્યુઆરી-૨૦૧૬થી માર્ચ-૨૦૧૬ સુધીના ત્રિમાસિક તેમજ સને-૨૦૧૫-૧૬ના વાર્ષિક હિસાબો જાણમાં લઈ મંજુર કરવા બાબત.

ઠરાવ:-

નગરપાલિકા ગોધરાના માહે જાન્યુઆરી-૨૦૧૬થી માર્ચ-૨૦૧૬ સુધીના ત્રિમાસિક હિસાબો તેમજ સને-૨૦૧૫-૧૬ના વાર્ષિક હિસાબો જાણમાં લઈ સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૦૩ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

સાધના સાપ્તાહિકમાં શુભેચ્છા જાહેરાત આપવા મે.પ્રમુખશ્રીએ મંજુર કરેલ રૂ!૧૦,૦૦૦/- ખર્ચને બહાલી આપવા બાબત.

ઠરાવ:-

સાધના સાપ્તાહિકમાં શુભેચ્છા જાહેરાત આપવા મે.પ્રમુખશ્રીએ મંજુર કરેલ રૂ!૧૦,૦૦૦/- ખર્ચને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૦૪ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

ધી.સ્ટુઅર્ટ લાયબ્રેરી ગોધરાને વર્ષ-૨૦૧૫-૧૬ માટે રૂ!૨૦,૦૦૦/- અનુદાન આપવા બાબત.

ઠરાવ:-

ધી.સ્ટુઅર્ટ લાયબ્રેરી ગોધરાને વર્ષ-૨૦૧૫-૧૬ માટે રૂ!૨૦,૦૦૦/- અનુદાન આપવા સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૦૫ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

એસ.આર.પી.ગૃપ-૫ ગોધરા ખાતે નગરપાલિકા દ્વારા આપવામાં આવતાં પીવાના પાણીના દરોમાં સુધારો વધારો કરવા અંગે ડેપ્યુટી એન્જીનીયરશ્રી.ના રીપોર્ટ પરત્વે મુખ્ય અધિકારીશ્રીના અભિપ્રાયવાળુ કામ.

ઠરાવ:-

એસ.આર.પી.ગૃપ-૫ ગોધરાને નગરપાલિકા દ્વારા આપવામાં આવતાં પીવાના પાણીના દર માટે જન.બોર્ડ ઠરાવ નં-૧૨૦ તા.૨૭/૦૭/૨૦૧૨ અન્વયે પ્રત્યેક હજાર લીટર દીઠ રૂ!૧૫/- મુજબ પાણીવેરો વસુલ કરવા ઠરાવ થયેલ છે. હાલમાં પાણી-પુરવઠા યોજનાનો નિભાવણી ખર્ચ તેમજ વીજળીબીલ

વિગેરેમાં સતત વધારો થયેલ હોઇ એપ્રિલ-૨૦૧૬થી પ્રત્યેક એક હજાર લીટર દીઠ રૂ!૨૦/- મુજબ પાણીવેરો આકારણી કરી વસુલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૦૬ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

રેલ્વે કોલોની ગોધરાને નગરપાલિકા ગોધરા દ્વારા આપવામાં આવતાં પીવાના પાણીના દરોમાં સુધારો વધારો કરવા અંગે ડેપ્યુટી એન્જીનીયરશ્રી.ના રીપોર્ટ પરત્વે મુખ્ય અધિકારીશ્રીના અભિપ્રાયવાળુ કામ.

ઠરાવ:-

રેલ્વે કોલોની ગોધરાને નગરપાલિકા દ્વારા આપવામાં આવતાં પીવાના પાણીના દર માટે જન.બોર્ડ ઠરાવ નં-૧૧૬ તા.૨૭/૦૭/૨૦૧૨ અન્વયે પ્રત્યેક હજાર લીટર દીઠ રૂ!૧૫/- મુજબ પાણીવેરો વસુલ કરવા ઠરાવ થયેલ છે. હાલમાં પાણી-પુરવઠા યોજનાનો નિભાવણી ખર્ચ તેમજ વીજળીબીલ વિગેરેમાં સતત વધારો થયેલ હોઇ એપ્રિલ-૨૦૧૬થી પ્રત્યેક એક હજાર લીટર દીઠ રૂ!૨૦/- મુજબ પાણીવેરો આકારણી કરી વસુલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૦૭ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

રાષ્ટ્રીય દ્રષ્ટી વિહિનતા નિવારણ સમિતી પંચમહાલ ગોધરા દ્વારા ગોધરા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વિનામૂલ્યે આંખોની તપાસ, ચશ્મા વિતરણ અને રેટીના ચેકઅપ તથા મોતીયાના ઓપરેશન નિષ્ણાંત ડૉકટરો દ્વારા કરવા માટે વિવિધ કેમ્પનું આયોજન કરી સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. સદર સંસ્થાને વર્ષ-૨૦૧૫-૧૬ માટે રૂ!૨૦,૦૦૦/-નુ અનુદાન આપવાનો નિર્ણય કરવા બાબત.

ઠરાવ:-

રાષ્ટ્રીય દ્રષ્ટી વિહિનતા નિવારણ સમિતી, ગોધરાને વર્ષ-૨૦૧૫-૧૬ માટે રૂ!૧૧૦૦૦/-અનુદાન આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૦૮ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

ગોધરા શહેરને પાણી પુરવઠો પુરો પાડતી શહેરમાં અલગ-અલગ સ્થળોએ આવેલ પાણીની ટાંકીઓ તેમજ ભામૈયા ખાતેના ફીલ્ટ્રેશન પ્લાન્ટ અને કાટડી હેડવર્ક્સ વિગેરે તમામ સ્થળે મેઈન્ટેનન્સ માટે સુપરવાઇઝર અને ઇલેક્ટ્રીશ્યનને જવા આવવા માટે વાહનના અભાવે સમયસર પહોચાતુ ન હોઈ ફાયર વિભાગમાં વપરાયા વગર પડી રહેતી બૂલેટ મોટર સાયકલો પૈકી એક મોટરસાયકલ પાણીપુરવઠા વિભાગને ફાળવવા બાબતે જરૂરી નિર્ણય કરવાનુ કામ.

ઠરાવ:-

પાણી પુરવઠા વિભાગની દરખાસ્ત સર્વાનુમતે ના મંજુર કરવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૦૯ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

નગરપાલિકા હદ વિસ્તારમાં સમાવિષ્ટ તમામ રહેણાંક મિલ્કતોના ભાગ દીઠ માસિક રૂ!૨૦/- લેખે વાર્ષિક રૂ!૨૪૦/-અને તમામ વાણીજ્ય મિલ્કતો અને તેના ભાગ દીઠ માસિક રૂ!૫૦/- લેખે વાર્ષિક રૂ!૬૦૦/- પ્રમાણે સફાઈ ઉપકર વસુલ કરવા બાબતે. આવેલ વાંધા અરજી દફતરે કરવા અને મંજુર થયેલ સફાઈ ઉપકર નિયમ નંબર-૯માં સુધારો કરવા કલેક્ટરશ્રી. મારફતે નિયામકશ્રી. નગરપાલિકાઓ ગાંધીનગરને દરખાસ્ત કરવા બાબતનું કામ.

ઠરાવ:-

નિયામકશ્રી. નગરપાલિકાઓ ગાંધીનગરના તા.૦૬/૦૨/૨૦૦૭ના હુકમથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૨૭૧ હેઠળ સફાઈ ઉપકરના નિયમો મંજુર થયેલા છે. જેનાં નિયમ-૯માં નીચે મુજબનો સુધારો કરવા ઠરાવ નં-૭૫ તા.૨૭/૦૧/૨૦૧૬ થી નીર્ણય થયેલ જેના અનુસંધાને માહીતી ખાતા મારફતે વર્તમાનપત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી ૩૦-દિવસમાં વાંધા મંગાવેલ હતાં જે અનુસંધાને ત્રણ ઇસમોનો વાંધા અરજી આવેલ જેઓને લેખિતમાં નોટીસ આપી તા.૧૪/૦૩/૨૦૧૬ના રોજ પ્રમુખ કારોબારી  ચેરમેન અને મુખ્ય અધિકારી સમક્ષ વાંધાની સુનાવણીની પ્રક્રીયા કરેલ છે. જે ધ્યાને લઈ ઠરાવ નં-૭૫ તા.૨૭/૦૧/૨૦૧૬થી કરવા ધારેલો નિયમ-૯માં નીચે મુજબનો સુધારો માન્ય રાખવામાં આવે છે. અને નિયમ-૯માં સુધારા બાબતે નિયામકશ્રીને દરખાસ્ત કરવા અને વર્ષ-૨૦૧૬-૧૭ થી લાગુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

<u>હયાત નિયમ નં-૯</u>

નગરપાલિકાની હદ વિસ્તારમાં આવતા તમામ રહેણાંક તેમજ વાણીજ્ય મિલ્કતો અને તેના ભાગદીઠ માસીક રૂ!૨૦/- લેખે વાર્ષિક રૂ!૨૪૦/- પ્રમાણે ખાસ સફાઈ ઉપકર વસૂલ લેવામાં આવશે.

<u>સુધારા નિયમ નં-૯</u>

નગરપાલિકાની હદ વિસ્તારમાં આવતા તમામ રહેણાંક મિલ્કતોના ભાગદીઠ માસિક રૂ!૨૦/- લેખે વાર્ષિક રૂ!૨૪૦ અને બીન-રહેણાંક તમામ મિલ્કતોના ભાગદીઠ માસીક રૂ!૫૦/- લેખે વાર્ષિક રૂ!૬૦૦/- પ્રમાણે ખાસ સફાઈ ઉપકર વસૂલ લેવામાં આવશે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૦ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી-૮૮-૨૦૧૫-૧૬ અંતર્ગત અતિથિ હોટલ પાસે હેન્ડપંપ નાંખવાનું કામ મંજુર થયેલ છે. ઉપરોક્ત સ્થળે હેન્ડપંપ ચાલુ હોય સદરકામ રદ્દ કરી સરસ્વતી સોસાયટી પાસે દંતાણીવાસમાં હેન્ડપંપ નાંખવા સ્થળફેર કરવા બાબતનું કામ

ઠરાવ:-

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી-૮૮-૨૦૧૫-૧૬ અંતર્ગત અતિથિ હોટલ પાસે હેન્ડપંપ નાંખવાનું કામ મંજુર થયેલ છે. ઉપરોક્ત સ્થળે હેન્ડપંપ ચાલુ હોય સદરકામ રદ્દ કરી સરસ્વતી સોસાયટી પાસે દંતાણીવાસમાં હેન્ડપંપ નાંખવા સ્થળફેર કરવા અંગેની રીવાઈઝ મંજુરી મેળવવાની દરખાસ્ત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૧ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

ભારત સરકારશ્રીની ઉષા યોજના અંતર્ગત ગોધરા શહેર વિસ્તાર માટે સ્લમ સર્વે, હાઉસ હોલ્ડ સર્વે અને લાઇવલીહુડ સર્વેની કામગીરી સરકારશ્રી દ્વારા નિયુક્ત ઓલ ઈન્ડીંયા ઇન્સ્ટીટ્યુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટ દ્વારા કરવામાં આવેલ. સર્વે મુજબની યાદીને જાણમાં લેવા બાબત.

ઠરાવ:-

ભારત સરકારશ્રીની ઉષા યોજના અંતર્ગત ગોધરા શહેર વિસ્તાર માટે સ્લમ સર્વે, હાઉસ હોલ્ડ સર્વે અને લાઇવલીહુડ સર્વેની કામગીરી સરકારશ્રી દ્વારા નિયુક્ત ઓલ ઈન્ડીંયા ઇન્સ્ટીટ્યુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટ દ્વારા કરવામાં આવેલ. સર્વે મુજબની યાદીને જાણમાં લઈ સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૨ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

હમીરપુર ખાતે ગોધરા નગરપાલિકા હસ્તકની લેન્ડફીલ સાઇટ ઉપર રોજબરોજના એકત્રિત થતાં કચરામાંથી પ્લાસ્ટીક, રબર, પુઠા વિગેરે બીન-ઉપયોગી કચરો ઉપાડવા માટે ભંગારનો ધંધો કરતાં સ્થાનિક ભંગારવાળા શ્રી.અસ્લમભાઈને તા.૧૦-ફેબ્રુઆરી-૨૦૧૬ થી તા.૧૦-માર્ચ-૨૦૧૬ સુધી રૂ!૧૫,૦૦૦/- ચાર્જ ભરાવી બીન-ઉપયોગી ભંગાર લઈ જવા પ્રમુખશ્રીએ કરેલ હુકમને બહાલી આપવા તેમજ કાયમી ધોરણે નવીન આવક ઉભી કરવાના હેતુસર સદર લેન્ડફીલ સાઇટમાં રોજેરોજ જમા થતાં કચરામાંથી બીન-ઉપયોગી ભંગાર સામાન ઉપાડવાનો ઇજારો જાહેર હરાજીથી આપવા બાબતનુ કામ.

ઠરાવ:-

ચર્ચા વિચારણા કરતાં હમીરપુર ખાતેની લેન્ડફીલ સાઇટ પર કમ્પોસ્ટ પ્લાન્ટ ચાલુ ના થાય ત્યાં સુધી માસિક રૂ!૧૫૦૦૦/- ચાર્જ ભરાવી  પ્લાસ્ટીક પુઠ્ઠા રબર વિગેરેનો નિકાલ થાય. તેવી વ્યવસ્થા કરવાનું અને આગામી સમયમાં આ કામગીરી જાહેર હરાજીથી કરવાનુ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૩ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના UDP-88-2015-16 અંતર્ગત માર્કેટયાર્ડ પાસે વિવેકાનંદ સોસાયટીમાં કે.એલ.પરમારના ઘરથી લલીતભાઈ રાઠોડના ઘર સુધી સી.સી.રોડ બનાવવા રૂ!૨,૧૧,૦૦૦/- મંજુર થયેલ છે. પરંતું ઉપરોક્ત રોડ બનેલ હોવાથી સદર કામ રદ્દ કરી ગૌતમનગર સોસાયટીમાં મંજુર થયેલ રકમમાંથી રોડ બનાવવા રીવાઇઝ મંજુરી મેળવવા અંગેનું કામ.

ઠરાવ:-

ચર્ચા વિચારણા કરતાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના UDP-88-2015-16 અંતર્ગત માર્કેટયાર્ડ પાસે વિવેકાનંદ સોસાયટીમાં કે.એલ.પરમારના ઘરથી લલીતભાઈ રાઠોડના ઘર સુધી સી.સી.રોડ બનાવવા રૂ!૨.૧૧લાખ મંજુર થયેલ છે. સદર જગ્યાએ રોડ બની ગયેલ હોય સભ્યશ્રી રાજેશભાઈ ચૌહાણની દરખાસ્ત ગ્રાહ્ય રાખી સદર રોડના કામમાં સ્થળ ફેરફાર કરી ગૌતમ નગર સોસાયટીમાં રોડના કામે જરૂરી દરખાસ્ત કરવાનું અને સભ્યશ્રી. ઇલેન્દ્રભાઈ પંચાલ વિગેરે સભ્યોની દરખાસ્ત ગ્રાહ્ય રાખી યુડીપી-૭૮ હેઠળ વર્ષ-૨૦૧૪-૧૫માં મંજુર થયેલ પંચાલ સમાજની વાડી પાસે પેવર બ્લોક અને મોદીની વાડી નં-૨ અને ૩માં પેવર બ્લોક નાંખવાના કામમાં પેવર બ્લોકની જગ્યાએ સી.સી.રોડ બનાવવા બાબતે જરૂરી દરખાસ્ત કરવા રીવાઇઝ મંજુરી મેળવવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૪ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના UDP-88-2015-16 અંતર્ગત વચલા ઓડા સુલેમાન સુજેલાના ઘરથી મૌલવી ગુણીયાવાળી,ખૈરૂન ફોઈવાળી ગલી,શબ્બીર દાવના મકાન સુધી સી.સી.રોડ બનાવવાના કામે રૂ!૨,૮૦,૩૭૦/- મંજુર થયેલ છે. સદર કામ રદ્દ કરી સભ્યશ્રી. મો.હનીફ કલંદરની રજુઆત સંદર્ભે ઉપરોક્ત સ્થળે મેઈન રોડ બનાવવા અંગેની રીવાઈઝ મંજુરી મેળવવાનું કામ.

ઠરાવ:-

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના UDP-88-2015-16 અંતર્ગત વચલા ઓડા સુલેમાન સુજેલાના ઘરથી મૌલવી ગુણીયાવાળી,ખૈરૂન ફોઈવાળી ગલી,શબ્બીર દાવના મકાન સુધી સી.સી.રોડ બનાવવાના કામે રૂ!૨,૮૦,૩૭૦/- મંજુર થયેલ છે. સદર કામ રદ્દ કરી સભ્યશ્રી. મો.હનીફ કલંદરની દરખાસ્ત ગ્રાહ્ય રાખી ઉપરોક્ત સ્થળે મેઈન રોડ બનાવવા બાબતે જરૂરી દરખાસ્ત કરવા રીવાઈઝ મંજુરી મેળવવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૫ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:-ઈ.એસ.ટી. ૧૨૧૨/સિ.ફા.૩૦/આર તા.૦૪/૦૯/૨૦૧૨ અન્વયે નગરપાલિકામાં કર્મચારીઓની ભરતી/બઢતી માટેની પસંદગી સમિતિની રચના નવેસરથી કરવા બાબત.

ઠરાવ:-

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક-ઇએસટી-૧૨૧૨/સી.ફા.૩૦/આર તા.૪/૯/૨૦૧૨માં જણાવ્યા મુજબ ગોધરા નગરપાલિકામાં રાજ્યની કોમન કેડર સિવાયની બધીજ કેડરોમાં નગરપાલિકાના કર્મચારીઓની ભરતી/બઢતી માટે પસંદગી સમિતિની રચના કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

નગરપાલિકા દ્વારા નિયુક્ત પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે સભ્યશ્રી.ગંગારામ જેઠાનંદ હરવાણીને નિયુક્ત કરવામાં આવે છે. તેમજ નગરપાલિકાના પ્રમુખ દ્વારા પસંદગી સમીતીના સભ્ય તરીકે સભ્યશ્રી. અશરફ હુસેન ચાંદાને નિયુક્ત કરવામાં આવે છે. આમ પસંદગી સમીતીની રચના નીચે મુજબ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી.ગંગારામ જેઠાનંદ હરવાણી | અધ્યક્ષ |
| ૨ | શ્રી.અશરફ હુસેન ચાંદા | સભ્ય |
| ૩ | સ્થાયી સમીતિના અધ્યક્ષ શ્રી.નિમેષકુમાર અમરતલાલ શાહ | સભ્ય |
| ૪ | કલેક્ટરશ્રી.દ્વારા નિયુક્ત કરેલ નાયબ કલેક્ટરશ્રી. અને પ્રાંત અધિકારીશ્રી. | સભ્ય |
| ૫ | નગરપાલિકાના મુખ્ય અધિકારીશ્રી. | સભ્ય સચિવ |

વધુમાં ઠરાવવામાં આવે છે કે નગરપાલિકા દ્વારા તાંત્રિક અધિકારી /કર્મચારીની ભરતી કરવાના પ્રસંગે સમિતિની બેઠકની તારીખ નક્કી થાય તે અગાઉ કલેક્ટરશ્રી.દ્વારા સંબધીત તાંત્રિક અધિકારીને આમંત્રિત સભ્ય તરીકે સમાવવાના હોવાથી આવી બેઠકની તારીખથી ત્રણ-અઠવાડીયા અગાઉ આ અંગેની જાણકારી કલેક્ટરશ્રીને આપીને આમંત્રિત સભ્યશ્રીનું નામ અને હોદ્દાની વિગતો મેળવીને સમિતિની બેઠકમાં તેમને હાજર રહેવા જાણકારી આપવા માટે ઠરાવવામાં આવે છે.

આ ઠરાવની નકલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરને મોકલવી તેમજ કલેક્ટરશ્રી.પંચમહાલ ગોધરા અને નાયબ કલેક્ટરશ્રી.ગોધરા પ્રાંતને પણ આ ઠરાવની નકલ મોકલવી.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૬ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

ગુ.મ્યુ.ફા.બોર્ડ ગાંધીનગરના હુકમ ક્રમાંક-મફબ/ જનરલ/ વ્ય.વેરા(૫૦%) ન.પા. ગ્રાંટ ફાળવણી/ ૨૦૧૫-૧૬/વશી/૪૯૯૫ તા.૩૧/૦૩/૨૦૧૬થી વ્યવસાયવેરાની ફાળવેલ ગ્રાંટ રૂ!૩,૪૧,૯૨૯/-માંથી કામો નક્કી કરવા બાબત.

ઠરાવ:-

ગુ.મ્યુ.ફા.બોર્ડ ગાંધીનગરના હુકમ ક્રમાંક-મફબ/ જનરલ/ વ્ય.વેરા(૫૦%) ન.પા. ગ્રાંટ ફાળવણી/ ૨૦૧૫-૧૬/વશી/૪૯૯૫ તા.૩૧/૦૩/૨૦૧૬થી ફાળવેલ ગ્રાંટ રૂ!૩,૪૧,૯૨૯/- બાબતે ચર્ચા-વિચારણા કરતાં સદર ગ્રાંટ લાલબાગ ટેકરી ગ્રાઉન્ડ તથા પોલીસ ચોકી નં-૭ પાસે પે-એન્ડ યુઝ શૌચાલયના કામે ખર્ચ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૭ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

ગુ.મ્યુ.ફા.બોર્ડ ગાંધીનગરના હુકમ ક્રમાંક-મફબ/ યુ-૪/ જમબીખે / ગ્રાંટ / ૨૦૧૫-૧૬/ ૫૨૬૬ તા.૩૧/૦૩/૨૦૧૬ થી જમીન મહેસુલ બીનખેતી આકારણીની ફાળવેલ ગ્રાંટ રૂ!૧,૨૧,૩૧૫/- માંથી કામો નક્કી કરવા બાબત.

ઠરાવ:-

ગુ.મ્યુ.ફા.બોર્ડ ગાંધીનગરના હુકમ ક્રમાંક-મફબ/ યુ-૪/ જમબીખે / ગ્રાંટ / ૨૦૧૫-૧૬/ ૫૨૬૬ તા.૩૧/૦૩/૨૦૧૬થી ફાળવેલ ગ્રાંટ રૂ!૧,૨૧,૩૧૫/- બાબતે ચર્ચા વિચારણા કર્તા સદર ગ્રાંટમાંથી ડબગરવાસમાં વરસાદી પાણીના નિકાલ માટેની પાઇપ લાઇનના કામે જરૂરી દરખાસ્ત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૮ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

ગુ.મ્યુ.ફા.બોર્ડ ગાંધીનગરના હુકમ ક્રમાંક-મફબ/મનો.કર./કેબલટીવી/ગ્રાંટ/૨૦૧૫-૧૬/વશી/ ૪૬૨૭ તા.૩૧/૦૩/૨૦૧૬થી મનોરંજનકર ગ્રાંટ અને કેબલ ટીવીની ફાળવેલ ગ્રાંટ રૂ!૬,૯૭,૨૬૭/-માંથી કામો નક્કી કરવા બાબત.

ઠરાવ:-

ગુ.મ્યુ.ફા.બોર્ડ ગાંધીનગરના હુકમ ક્રમાંક-મફબ/મનો.કર./કેબલટીવી/ગ્રાંટ/૨૦૧૫-૧૬/વશી/ ૪૬૨૭ તા.૩૧/૦૩/૨૦૧૬થી ફાળવેલ ગ્રાંટ રૂ!૬,૯૭,૨૬૭/- બાબતે ચર્ચા-વિચારણા કરતાં સદર ગ્રાંટનો ખર્ચ લાલબાગ ટેકરી ગ્રાઉન્ડ તથા રેલ્વે સ્ટેશન ચોકી નં-૭ પાસે પે-એન્ડ યુઝ શૌચાલય બનાવવાના કામે ખર્ચ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૯ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:- ગુ.મ્યુ.ફા.બોર્ડ ગાંધીનગરના હુકમ ક્રમાંક-મફબ/ મનો.કર./ SCSP/ ૨૦૧૫-૧૬/ વશી/૪૮૧૫ તા.૩૧/૦૩/૨૦૧૬થી મનોરંજનકર (SCSP) હેઠળ ફાળવેલ ગ્રાંટ રૂ!૨,૯૨,૯૧૮/-માંથી અનુસુચિત જાતિના લાભાર્થીઓને વધુ લાભ મળે તે મુજબના કામો નક્કી કરવા બાબત.

ઠરાવ:-

ગુ.મ્યુ.ફા.બોર્ડ ગાંધીનગરના હુકમ ક્રમાંક-મફબ/ મનો.કર./ SCSP/ ૨૦૧૫-૧૬/ વશી/૪૮૧૫ તા.૩૧/૦૩/૨૦૧૬થી ફાળવેલ ગ્રાંટ રૂ!૨,૯૨,૯૧૮/- બાબતે ચર્ચા-વિચારણા કરતાં મનોરંજન કર ગ્રાંટ અનુસુચિત જાતી વિસ્તારમાં ઉપયોગમાં લેવાની હોઈ વોર્ડ નં-૧માં શર્માચાલ વિસ્તારની પીવાના પાણીની પાઇપલાઇન માટે તેમજ વિઠ્ઠલનિવાસ સોસાયટીની પાછળના ભાગે પ્રભાકોતર પાસે આવેલ ઝુપડપટ્ટી વિસ્તારમાં પીવાના પાણીની પાઇપલાઇન નાંખવા માટે જરૂરી દરખાસ્ત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૨૦ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

મહાત્માગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ગોધરા શહેરને ખુલ્લામાં થતી શૌચક્રિયા મુક્ત જાહેર કરવાના હેતુસર સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક:- મસમ/૧૦૨૦૧૪/૫૨૧૪/MGSMCELL તા.૧૯/૦૨/૨૦૧૬ વંચાણે લઈ અમલ કરવા બાબત.

ઠરાવ:-

મહાત્માગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ગોધરા શહેરને ખુલ્લામાં થતી શૌચક્રિયા મુક્ત જાહેર કરવાના હેતુસર સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક:- મસમ/૧૦૨૦૧૪/૫૨૧૪/MGSMCELL તા.૧૯/૦૨/૨૦૧૬ વંચાણે લઈ ચર્ચા-વિચારણા કરતાં ગોધરા શહેરની સને૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૨૧૦૫ શૌચાલય વિહોણા કુટુંબો હતાં જેની સામે અત્યાર સુધીમાં-૩૮૯૮ શૌચાલયની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને આ અગાઉ આરોગ્યખાતા મારફતે ઝોન વાઈઝ સર્વે કરાવી શૌચાલય વિહોણા કુટુંબોને શૌચાલયની સુવિધા પુરી પાડવામાં આવે છે. સરકારશ્રીના ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્ત જાહેર કરવા બાબતે આગળની કાર્યવાહી કરવા સઘળી સત્તા પ્રમુખશ્રી અને મુખ્ય અધિકારીશ્રીને સયુક્ત રીતે આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૨૧ તા.૨૩-૦૪-૨૦૧૬

બાબત:-

પાણી પુરવઠા મરામત અને નિભાવણી વિભાગને ફાળેવલ બોલેરો વાહન નં-જીજે-૧૭-જી-૪૬૮ ૩.૦૦ લાખ કિમિ થી વધુ વપરાશ થયેલ હોય મેઇન્ટેન્સ ખર્ચ વધુ આવતો હોઇ સદર બોલેરો વાહન જાહેર હરાજીથી નિકાલ કરવા તેમજ તેની અવેજીમાં સરકારશ્રીએ માન્ય કરેલ ભાવેથી નવીન વાહન ખરીદવા અંગે નિર્ણય કરવાનું કામ.

ઠરાવ:-

ચર્ચા-વિચારણા કરતાં નર્મદાકેનાલ આધારીત પાણી પુરવઠા યોજનાની નિભાવણી માટે ખરીદેલ બોલેરો જીજે-૧૭-જી-૪૬૮ ૩.૦૦લાખ કિમિ થી વધુ વપરાશ થયેલ હોય તેમજ આ ગાડીનો મેઇન્ટેનન્સ ખર્ચ વધુ આવતો હોઇ સદર વાહન જાહેર હરાજીથી નિકાલ કરી તેની જગ્યાએ નવીન વાહન રૂ!૧૦.૦૦લાખની મર્યાદામાં ખરીદવા પ્રમુખશ્રી અને મુખ્ય અધિકારીશ્રીને સયુક્તપણે સત્તા આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૨૨ તા.23-0૪-૨૦૧૬

બાબત:-

વોર્ડ નં-૧માં શર્માચાલથી, મારવાડીવાસ, ખાડી ફળીયા, વિસ્તારમાં પીવાના પાણીની પાઇપલાઇન નાંખવાનો અંદાજીત ખર્ચના રૂ!૨,0૯,૭૫0/- મંજુર કરવાનું કામ.

ઠરાવ:-

વોર્ડ નં-૧માં શર્માચાલથી, મારવાડીવાસ, ખાડી ફળીયા, વિસ્તારમાં પીવાના પાણીની પાઇપલાઇન નાંખવાનો અંદાજીત ખર્ચના રૂ!૨,0૯,૭૫0/- સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે. અને મનોરંજન કરની અનુ.જાતિના લાભાર્થે ફાળવેલ ગ્રાંન્ટમાંતી ખર્ચ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૨3 તા.૨3-0૪-૨૦૧૬

બાબત:-

નિર્મળ ગુજરાત અંતર્ગત ગુ.મ્યુ.ફાય.વોર્ડ ગાંધીનગરના હુકમ મફબ/યુ-૨/MGSM/પે એન્ડ યુઝ/૨૦૧૬/૪૬૧૭ તા.3૧/03/૨૦૧૬થી લાલબાગ ટેકરી ગ્રાઉન્ડમાં તથા ચોકી નં-૭ પાસે રેલ્વે સ્ટેશન નજીકમાં પે.એન્ડ યુઝ શૌચાલય બનાવવા રૂ!૧0.00લાખ મંજુર થયેલ છે. પરંતું ખરેખર બે-યુનીટ શૌચાલયનો અંદાજીત ખર્ચ રૂ!૨૭,૫૫,0૨૨/-થાય છે. જેથી ગ્રાંટ ઉપરાંત વધારાની ખર્ચની રકમ રૂ!૧૭,૫૫,0૨૨/- અન્ય યોજનામાં સમાવવા અથવા અન્ય હેડ ઉપર ખર્ચ પાડવાની મંજુરી અર્થેનું કામ.

ઠરાવ:-

નિર્મળ ગુજરાત અંતર્ગત ગુ.મ્યુ.ફાય.વોર્ડ ગાંધીનગરના હુકમ મફબ/યુ-૨/MGSM/પે એન્ડ યુઝ/૨૦૧૬/૪૬૧૭ તા.3૧/03/૨૦૧૬થી લાલબાગ ટેકરી ગ્રાઉન્ડમાં તથા ચોકી નં-૭ પાસે રેલ્વે સ્ટેશન નજીકમાં પે.એન્ડ યુઝ શૌચાલય બનાવવા રૂ!૧0.00લાખ મંજુર થયેલ છે. પરંતું ખરેખર બે-યુનીટ શૌચાલયનો અંદાજીત ખર્ચ રૂ!૨૭,૫૫,0૨૨/-થાય છે. જેથી ગ્રાંટ ઉપરાંત વધારાની ખર્ચની રકમ રૂ!૧૭,૫૫,0૨૨/- અન્ય યોજનામાં સમાવવા બાબતે ચર્ચા-વિચારણા કરતાં વર્ષ-૨૦૧૫-૧૬માં મળેલ વ્યવસાયવેરા ગ્રાંટના રૂ!3,૪૧,૯૨૯/- અને વર્ષ-૨૦૧૫-૧૬ના વર્ષમાં મનોરંજનકર ગ્રાંટ અને કેબલ ટીવીની આવેલ રૂ!૬,૯૭,૨૬૭/- ની ગ્રાંટ સદર બન્ને પે-એન્ડ યુઝ શૌચાલય માટે ઉપયોગમાં લેવાનો અને ખુટતી રકમ ૧૪માં નાણાપંચમાંથી જોગવાઈ કરી બન્ને પે-એન્ડ યુઝની કામગીરી સરકાર માન્ય પે એન્ડ યુઝ એજન્સી પાસે કરાવવા પ્રમુખશ્રી અને મુખ્ય અધિકારીશ્રીને સયુક્ત પણે સત્તા આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

સહી/-

પ્રમુખ

નગરપાલિકા ગોધરા

ખરી નકલ

મુખ્ય અધિકારી

નગરપાલિકા,ગોધરા